# આકાશવાણી ભુજ

**સમાચાર વાચક: નેહલ ઠક્કર**

**કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ**

**તારીખ : ૨૫-૦૯-૨૦૨૪ બુધવાર સમય : સાંજે ૦૬:૨૫ કલાકે**

---

## સીએમ-સ્વાગત કાર્યક્રમ:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ નાગરિકોની રજૂઆત-ફરિયાદોના ઑનલાઈન નિવારણનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ આવતીકાલે બપોરે સાડા ત્રણ વાગ્યે યોજાશે. આ માટે અરજદારો અને રજૂઆતકર્તાઓ સવારે સાડા આઠ વાગ્યાથી સાડા 11 વાગ્યા સુધી પોતાની રજૂઆત ગાંધીનગરમાં સ્વર્ણિમ સંકુલ- 2માં આવેલા મુખ્યમંત્રીના જનસંપર્ક એકમમાં આપી શકશે.

- (RNU અમદાવાદ)

---

## દિવ્યાંગ ભરતી વેબસાઈટ:

રેલવે મંત્રાલયે દેશની પ્રથમ “દિવ્યાંગ અનુકુળ ભરતી” વેબસાઇટનો પ્રારંભ કર્યો છે.

મંત્રાલયે દિવ્યાંગજનો કોઈ પણ સહાય વગર રેલવેની ખાલી જગ્યાઓ માટે ઓનલાઇન આવેદન કરી શકે તે માટે આજે **rrbapply.gov.in** વેબસાઇટ શરૂ કરી છે. આ વેબસાઇટ આજે મુંબઇ ખાતે દેશના બધા જ રેલવે ભરતી બોર્ડ અધ્યક્ષોની સમીક્ષા બેઠક દરમિયાન ખુલ્લી મુકવામાં આવી હતી.

- (RNU અમદાવાદ)

---

## પં. દીનદયાળ ઉપાધ્યાય જયંતી-ભુજ:

અગ્રણી વિચારક અને રાજકારણી પંડિત દિન દયાળ ઉપાધ્યાયની આજે **108** મી જન્મ જયંતિ મનાવવામાં આવી રહી છે એ નિમિતે ભુજ ખાતે તેમની પ્રતિમા ને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી . ભુજનાં ધારાસભ્ય કેશુભાઈ પટેલ , નગરપાલિકા પ્રમુખ રશ્મિબહેન સોલંકી, સહિત અગ્રણીઓએ હારારોપણ કરી પંડિત દિન દયાળ ઉપાધ્યાય ને અંજલિ આપી હતી. ધારાસભ્ય કેશુભાઈ પટેલે દિન દયાળજીની રાષ્ટ્ર ભાવના ને બિરદાવી હતી.

- (ચંદ્રવદન પટ્ટણી)

---

## જીલ્લા પુરવઠા અધિકારી-ઈકેવાયસી:

પુરવઠા વિભાગ કચ્છ દ્વારા વિદ્યાર્થીઓના આધાર કાર્ડ અને રાશન કાર્ડ સાથે જોડી ઇ - કેવાયસી કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. ઉપરાંત આવતા સપ્તાહથી કચ્છના 4 લાખ 45 હજાર અને 24 લાખથી વધુ અરજદારોને ઇ-કેવાયસી સાથે લીન્ક કરાશે. સરકારી યોજનાઓનો લાભ લેવા માટે ઇ કેવાયસી કરવું જરૂરી છે. આ અંગે વધુ વિગતો આપતા જિલ્લા પુરવઠા અધિકારી એ.એસ. હાશમીએ આ પ્રમાણે જણાવ્યું હતું. (બાઇટ : એ.એસ. હાશમી)

- (પરેશ મારુ)

---

## માતાના મઢ-નવરાત્રી તૈયારીઓ શરુ:

ત્રીજી ઓક્ટોબરથી નવરાત્રિનો પ્રારંભ થઇ રહ્યો છે. ત્યારે માતાના મઢમાં દેશદેવી મા આશાપુરાના દર્શનાર્થે મોટી સંખ્યામાં પગપાળા અને વાહનોથી માઇભક્તો આવે છે. તેમને આવકારવા માટે માતાના મઢ ધામ સજ્જ થઇ રહ્યુ છે. મઢ જાગીરના અધ્યક્ષ રાજાબાવા યોગેન્દ્રસિંહજીના હસ્તે બીજી ઓક્ટોબરે રાત્રે 9 કલાકે ઘટસ્થાપનવિધિ કરવામાં આવશે . પ્રથમ નવરાત્રિથી આઠમ સુધી દર્શનાર્થીઓ માટે સવારના 5 વાગ્યાથી રાત્રે 12 વાગ્યા સુધી મંદિરના દ્વાર ખુલ્લા રાખવામાં આવશે. સાથે પરંપરા મુજબ હવનની રાત્રિએ મંદિરના દ્વાર આખી રાત ખુલ્લાં રહેશે.

નવરાત્રિના ચાર દિવસ અગાઉ પશ્ચિમ કચ્છ પોલીસ દ્વારા પૂરતો બંદોબસ્ત ગોઠવાશે . ૨૯ સપ્ટેમ્બરથી થી એસ.ટી. વિભાગ દ્વારા માતાના મઢમાં હંગામી ડેપો શરૂ કરવામાં આવશે , જેમાં તબક્કાવાર 150થી વધુ બસો યાત્રિકોની સેવામાં રાખવામાં આવશે . ઉપરાંત સ્વચ્છતા અને આરોગ્યને પણ અગ્રતા અપાશે.

- (પરેશ મારુ)

---

## ભુજ તાલુકા પંચાયત-સરપંચ સંવાદ:

ગ્રામ પંચાયતો તેમજ છેવાડાના નાગરિકોની વહીવટ અને સેવા સંબંધિત મુશ્કેલીઓના સમાધાન અર્થે ભુજ તાલુકા પંચાયત દ્વારા પ્રથમવાર `સરપંચ સંવાદ'નું આયોજન કરાયું હતું.

પ્રમુખ વિનોદ વરસાણીની અધ્યક્ષતામાં યોજાયેલ રાજ્યમાં સંભવત: પ્રથમ વખત અને હવેથી દર મહીને નિયમિત થવાના આ સંવાદમાં રજૂ થયેલા વિવિધ પ્રશ્નો માટે તાલુકા પંચાયત તરફથી નિરાકરણ માટે શક્ય તમામ પ્રયાસો કરવામાં આવશે તેવી ખાતરી અપાઈ હતી. તેમજ મહિલા સરપંચો પણ હાજરી આપે તેવું ઉમેર્યું હતું.

- (NP, નેહલ ઠક્કર)

---

## કચ્છ-વરસાદની આગાહી:

નૈઋત્યના ચોમાસાની સત્તાવાર વિદાયની જાહેરાત થઈ ચૂકી છે, પરંતુ બંગાળની ખાડીમાં સર્જાયેલી સિસ્ટમની અસર તળે રાજ્યની સાથે કચ્છમાં પણ ચાર દિવસ પવન - ગાજવીજ સાથે વરસાદ વરસવાની આગાહી હવામાન વિભાગે કરી છે. આવતીકાલ થી 30 સપ્ટેમ્બર દરમિયાન જિલ્લામાં વરસાદ થવાની શક્યતા છે. વરસાદની તીવ્રતા કેટલાક વિસ્તારમાં સારી રહેવાની સંભાવના પણ દેખાડવામાં આવી છે.

હાલમાં કચ્છમાં વિષમ વાતાવરણ અનુભવાઇ રહ્યું છે. બપોરના ભાગમાં તાપ લાગી રહ્યો છે જ્યારે મોડી રાત્રે લોકો ઠંડક અનુભવી રહ્યા છે.

- (પરેશ મારુ)

---